



# પ્રેમ વેલેન્ટાઈન્સ ડે પૂરતો નથી સીમિત

**ફેબ્રુઆરી મહિનાને લોકો પ્રેમનો મહિનો પણ કહેતા હોય છે કારણ કે આ મહિનામાં લગ્નો પણ થતાં હોય છે અને વેલેન્ટાઈન્સ્સ ડે પણ આવે છે. જે પહેલી પહેલી વાર પ્રેમમાં પડ્યાં હોય કે પછી નવા નવા લગ્ન થયા હોય તેઓ તો પોતાના પ્રેમની અભિવ્યક્તિ માટે ફેબ્રુઆરી મહિનાની આતુરતાથી રાહ જોતાં હોય છે. જેવો ફેબ્રુઆરી મહિનો આવે કે યુવા હૈયાની ધડકનો તેજ થઈ જાય છે. રોઝ ડે થી શરૂ થતું અને વેલેન્ટાઈન્સ ડે પર પૂરું થતું વેલેન્ટાઈન્સ વીક ગઈ કાલથી શરૂ થઈ ગયું છે. ઘણા લોકો આ દિવસે પોતાના મનગમતા પાત્રને ગુલાબ, ચોકલેટ્સ, ટેડી અને બીજી યુનિક ગિફ્ટ આપીને, સાથે ટાઈમ સ્પેન્ડ કરીને કે પછી ફરવા જવાનો પ્રોગ્રામ બનાવીને અથવા ડિનર ડેટ પર જઈને આ દિવસની ઉજવણી કરતાં હોય છે. કહેવાય છે ને કે પ્રેમ કે લાગણી વ્યક્ત કરવા માટે કોઈ ચોકકસ દિવસ ના હોઈ શકે. એ જ રીતે વેલેન્ટાઈન્સ ડે ઉજવવા માટે પણ કોઈ ઉંમર નથી હોતી. ઘણા એવાં હસબન્ડવાઈફ હોય છે જે લગ્નનાં વર્ષો વીત્યાં બાદ પણ વેલેન્ટાઈન્સ ડે ઘણા ઉમળકાથી ઉજવતાં હોય છે. તો કોઈ એવાં કપલ પણ હોય છે જે સગાઈ થયા બાદ કે લગ્નના એક-બે વર્ષ વેલેન્ટાઈન્સ ડે ઉજવવાનું પસંદ કરે છે કેમ કે ત્યારે મનગમતા પાત્રનો સાથ મળવાનો હજી શરૂ જ થયો હોય છે પણ પછી લગ્નનાં થોડાં વર્ષમાં જ વેલેન્ટાઈન્સ ડે ઉજવવાનું તો દૂર રહ્યું પણ ક્યારે આ દિવસ આવ્યો અને ક્યારે ગયો તે પણ યાદ નથી રાખતાં. તો કેટલાંક કપલ એવાં પણ હોય છે જેઓ શરૂઆતથી જ વેલેન્ટાઈન્સ ડે મનાવતા જ નથી. સુરતમાં પણ આવાં કપલ છે કે જેમના મેરેજને 10 વર્ષથી ઉપર થઈ ગયાં છે અને તેઓ વેલેન્ટાઈન્સ ડે ઉજવતાં નથી. શું તેઓ શરૂઆતથી જ નથી ઉજવતાં કે પછી લગ્નનાં એકબે વર્ષ પછી ઉજવવાનું છોડી દીધું છે, ઉજવતાં નથી તો કેમ અને પહેલાં ઉજવતાં અને પછી છોડી દીધું હોય તો કેમ તે આપણે સુરતના કેટલાંક કપલ પાસેથી જાણીએ...**

## હું હમેશાં તારી સાથે છું અને તને હંમેશાં સાથ આપીશ હસબન્ડના આ શબ્દો મારા માટે વેલેન્ટાઈન્સ ડે સમાન છે: સ્નેહા વ્યાસ



નવસારીમાં રહેતાં 41 વર્ષીય સ્નેહાબેન કોલેજમાં લાઈબ્રેરીયન છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારા જીગર સાથેના મેરેજને 18 વર્ષ થયાં છે. તમે માનશો નહીં પણ આ સત્ય છે કે અમે આટલાં વર્ષોમાં ક્યારેય વેલેન્ટાઈન્સ ડે નથી મનાવ્યો. એ આપણી સંસ્કૃતિ છે જ નહીં. પ્રેમ જતાવવા માટેનો દિવસ ના હોય. હસબન્ડ- વાઈફ પ્રેમથી વાતો કરે, એકબીજાની કદર અને સમ્માન કરીએ તો રોજ જ વેલેન્ટાઈન્સ ડે છે. મારા હસબન્ડ મને હંમેશાં કહેતા હોય કે હું હંમેશાં તારી સાથે છું અને તને જીવનના દરેક પગલે સાથ આપીશ. આ શબ્દો જ મારા માટે કાફી છે. મારા હસબન્ડને પણ વેલેન્ટાઈન્સ ડે પર દેખાડો કરવાનું નહીં ગમે. તેમણે લગ્ન બાદ મને પહેલી ગિફ્ટ તરીકે સોનાની બુટ્ટી આપી હતી તે બુટ્ટી તેમનો મારી પ્રત્યેનો પ્રેમ છે. I Love You કહો તો જ પ્રેમ છે એવું નથી હોતું. નાની નાની કેર કરવી, દરકાર કરવી, કાળજી રાખવી તે I Love Youથી ઓછું નથી. તેઓ મારા માટે રવિવારની ચા બનાવે, આખા દિવસની વાતો એકબીજા સાથે શેર કરીએ એ જ અમારા માટે પ્રેમ છે.’’

## વેલેન્ટાઈન્સ ડે મનાવવો નહીં ગમે પણ હસબન્ડ માટે 10 રૂ. ની ફાઇવસ્ટાર ચોકલેટ ખરીદીને આપું એટલે તે ખુશ થઈ જાય: ઇશા જોગી



પીપળોદ વિસ્તારમાં રહેતાં 42 વર્ષીય ઇશાબેન સ્કૂલમાં પ્રિન્સિપાલ છે. તેમણે જણાવ્યું કે મારા ગૌરવ સાથેના મેરેજને 19 વર્ષ થયાં પણ આજ સુધી અમે વેલેન્ટાઈન્સ ડે નથી મનાવ્યો. લવ એ એક દિવસ એક્સપ્રેસ કરવાનો દિવસ નથી. વિદેશમાં લોકો સખ્ત બિઝી હોય તેઓ એકબીજા માટે સમય નથી આપી શકતા એટલે તેઓ વેલેન્ટાઈન્સ ડે કે ફ્રેન્ડશિપ ડે આવા ડે ઉજવતા હોય છે. એકબીજાને આઈ લવ યુ કહેવું કે એકબીજાને ગિફ્ટ આપવી તેના કરતાં એકબીજાની નોર્મલ કેર પણ કરવી તેને એકબીજા માટેની સાચી ફીલિંગ્સ કહેવાય. અમે વેલેન્ટાઈન્સ ડે પર સ્પેશ્યલી કશે ફરવા નથી જતાં કે રેસ્ટોરન્ટમાં ડિનર લેવા નથી જતાં પણ એકબીજા સાથે ટાઈમ સ્પેન્ડ કરીએ એ જ તો પ્રેમની અભિવ્યક્તિ છે ને! તેમને ફાઇવસ્ટાર ચોકલેટ બહુ જ ભાવે એટલે હું 10 રૂપિયાની ફાઇવસ્ટાર ખરીદી લાવું અને ફ્રીઝમાં મૂકી દઉં. તેઓ બહારથી ઘરે આવે એટલે પહેલાં પાણી લેવા ફ્રીઝ ખોલે અને તેમાં તેમને ફાઈવસ્ટાર દેખાય એટલે તે ખુશ થઈ જાય. એમના માટે પાંઉભાજી બનાવું તો તેમના ચહેરા પર જે ખુશી દેખાય તે પ્રેમ છે. જ્યારે હું ફ્રી રહું ત્યારે તેમને હું મારી ગમતી એક શાંત જગ્યા પર લઈ જાઉં. ત્યાં રોમેન્ટિક વાતાવરણ પણ લાગે. ત્યાં અમે ટાઈમ સ્પેન્ડ કરીએ. આ રીતે અમે તો એકબીજાની કેર કરીને દરેક દિવસને વેલેન્ટાઈન્સ ડે માનીએ.’’

## લગ્નના શરૂઆતનાં બે વર્ષ વેલેન્ટાઈન્સ ડે ઉજવ્યો હતો પણ ત્યાર બાદ 16 વર્ષથી આ દિવસ ઉજવવામાં ઇન્ટરેસ્ટ નથી: પીયૂષ લાકડાવાળા

ઉધના વિસ્તારમાં રહેતાં 42 વર્ષીય પીયૂષભાઈ અગરબત્તી ટ્રેડિંગના બિઝનેસ સાથે સંકળાયેલા છે. તેમણે જણાવ્યું કે, ‘‘જ્યારે નવા નવા મેરેજ થયા હતા ત્યારે વેલેન્ટાઈન્સ ડે ઉજવવાનું ગમતું હતું. એકબીજાને પ્રેમના પ્રતીક સ્વરૂપ ગિફ્ટ આપવી અને ડિનર સાથે લેવું. ત્યારે મેં એક વેલેન્ટાઈન્સ ડે પર તેને પેન ગિફ્ટમાં આપી હતી તો બીજી વખતના વેલેન્ટાઈન્સ પર સિલ્વરની રિંગ આપી હતી. મારી જીવસંગીની વિમ્મીએ મને રેડ કલરનું ટી-શર્ટ આપ્યું હતું. પછી તો ઘરની જવાબદારીઓ, બિઝનેસ આને કારણે વેલેન્ટાઈન્સ ડે ઉજવવાનું ભૂલી ગયાં અને હવે તો વેલેન્ટાઈન્સ ડે ઉજવવામાં મને કે મારી વાઇફને ઇન્ટરેસ્ટ નથી રહ્યો. આ ડે ઉજવવા કરતાં અમને ટ્રેડિશનલ ડે ઉજવવા ગમે જેમ કે, નવરાત્રી, દિવાળી. નવરાત્રી પર તેને ગરબા રમવાનો શોખ છે તો ગરબાના પાસની તે કહે તે પહેલાં હું એરેન્જમેન્ટ કરું. મારી વાઇફને રંગોળી બહુ ગમે તો હું તેને ખુશ કરવા રંગોળીના શો હોય ત્યાં શો જોવા લઈ જાઉં. અમે બર્થડે અને મેરેજ એનવર્સરી સેલિબ્રેટ કરવાનું વધારે પસંદ કરીએ છીએ. રવિવારે મને રજા હોય એટલે બપોરે તે સૂઈ ગઈ હોય ત્યારે તેને સરપ્રાઈઝ આપવા તેના માટે ચા બનાવીને રાખું એટલે તે ખૂબ જ ખુશ થઈ જાય કે આજે તેને તૈયાર ચા મળી ગઈ. વેલેન્ટાઈન્સ ડે ઉજવવા આખું વર્ષ રાહ જોવાની એના કરતાં વર્ષમાં આપણા જે ટ્રેડિશનલ ફેસ્ટિવલ આવે છે તેને એન્જોય કરીએ અને આજના બિઝી રહેવાતા જમાનામાં સાથે ટાઈમ સ્પેન્ડ કરવાનું મળે ત્યારે તેનાથી વધારે શું રૂડું હોઈ શકે!’’





## વેલેન્ટાઈન્સના નામે મોંઘા રોઝ ખરીદવા કરતાં હું વાઇફને ટુ વહીલર પર લોન્ગ ડ્રાઈવ લઈ જાઉં તે પ્રેમ છે: ગૌરાંગ મહેતા

સોનીફળિયામાં રહેતાં 40 વર્ષીય ગૌરાંગભાઈ RTO એડવાઇઝર છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું લવ મેરેજમાં માનતો નથી અને મારા ફેમિલીમાં કોઈએ લવ મેરેજ નથી કર્યા. મેં પણ એરેન્જ મેરેજ કર્યા છે. મેરેજને 10 વર્ષ થયાં મેં વેલેન્ટાઈન્સ ડે મનાવ્યો નથી. 10 રૂપિયાનું ગુલાબનું ફૂલ વેલેન્ટાઈન્સના દિવસે 50 રૂપિયામાં આપે. આપણે કોઈને એક રૂપિયો આપવા માંગતા નથી અને એક ગુલાબ માટે 50 રૂપિયા ખર્ચવાના! મારી વાઈફ પ્રત્યે હું આ રીતે પ્રેમની અભિવ્યક્તિ કરવા કરતાં હું તેને માટે કોફી બનાવી આપું અને તેને બાઇક પર લોન્ગ ડ્રાઇવ જવું ગમે એટલે હું તેને બાઇક પર ડુમસ ફરવા લઈ જાઉં. મેં એક નિયમ બનાવી રાખ્યો છે કે હું મારા કામ પતાવીને રાતે 8 વાગે કે 9 વાગે પણ ઘરે આવું તો તેની સાથે 2 કલાક વિતાવું. તમે તમારી વાઈફ માટે સમય કાઢો, ઘરનાં કામોમાં તેને હેલ્પ કરો આ જ પત્નીને ગમતું હોય છે અને આવું હું કરું છું. તેના કામમાં હેલ્પ કરવી, તેની સાથે વોક કરવા જવું. ત્યારે તેની ઘરની નાની નાની વાતોને સાંભળવી. હું આ રીતે મારી વાઈફ પ્રત્યે મારી લાગણીઓ વ્યક્ત કરું છું.’’



## 19 વર્ષ પહેલાં અમારા લવ મેરેજ થયા હતા પણ હસબન્ડને વેલેન્ટાઈન્સ ડે નહીં ગમે એટલે હવે મને પણ નથી ગમતો: દર્શના પટેલ

જહાંગીરપુરા વિસ્તારમાં રહેતાં 40 વર્ષીય દર્શનાબેન સ્કૂલમાં ટીચર છે. તેમણે જણાવ્યું કે, ‘‘જ્યારે યુવાનીમાં પગ મૂક્યો હોય ત્યારે મોટાભાગે બધાંને જ અલગ અલગ ડે ઉજવવા ગમતા હોય. હું અને મારા હસબન્ડ કલ્પેશની નવી નવી મિત્રતા થઇ હતી ત્યારે ત્રણ વર્ષ તો હું વેલેન્ટાઈન્સ ડે પર મને કાંઈક સરપ્રાઇઝ ગિફ્ટ આપશે તેની રાહ જોતી પણ તેમનું પહેલાંથી જ કહેવું હતું કે મને વેલેન્ટાઈન્સ ડે, ફ્રેન્ડશિપ ડે આવું બધું ઉજવવું નહીં ગમે. વેલેન્ટાઈન્સ ડે તો આપણી સંસ્કૃતિમાં છે જ નહીં. ત્રણ વર્ષ હું વેલેન્ટાન્સ ડે ઉજવાય તેની રાહ જોતી. તેઓએ મને એક વાર કીધું પણ હતું કે હું તો આ બધામાં નથી માનતો પણ તને ગમતું હોય તો તને જે ગમે તે આ દિવસે કરીશ પણ પછી મને પણ લાગવા લાગ્યું કે પ્રેમની અભિવ્યક્તિ તો ક્યારેય થઈ શકે. વેલેન્ટાઈન્સ ડેના દિવસે પસંદગીનાં પાત્રોને ગિફ્ટ આપી શો બાજી શું કામ કરવી જોઈએ ? આવો દેખાડો મને પણ નહીં ગમે. અમારી મેરેજ એનવર્સરી 5 ફેબ્રુઆરી છે તે દિવસે અમે એકબીજાની જરૂરિયાતની વસ્તુની ગિફ્ટ આપી એકબીજા પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરીએ. બહાર ડિનર લેવા પણ જઈએ. તેઓ ક્યારેક મારા માટે ગ્રીન ટી બનાવે, નાસ્તો રેડી કરી આપે. આવા નાના નાના જેશ્ચરથી તેઓ મને ખુશ કરી દેતાં હોય છે. અમારી રિંગ સેરેમની નહોતી થઈ તો લગ્નનાં બે વર્ષ બાદ તેમણે મને ગોલ્ડની રિંગ જેમાં અંદર ડાયમંડ જડેલો છે તે ગિફ્ટ આપી મારા પ્રત્યેની એમની લાગણી વ્યક્ત કરી હતી.’’



## અમારા હસબન્ડ - વાઈફ માટે 9 ફેબ્રુઆરીનું મહત્ત્વ છે કારણ કે ત્યારે અમારા મેરેજ થયા હતા: પ્રેમલ વ્યાસ

જહાંગીરપુરા વિસ્તારમાં રહેતાં 39 વર્ષીય પ્રેમલ વ્યાસ એક ખાનગી કંપનીમાં એસોસિયેટ ડિરેક્ટર છે. તેમણે જણાવ્યું કે,‘‘મારા અને શ્રેયાના લગ્નને 12 વર્ષ થયાં છે. અમે એકબીજાને પહેલાંથી ઓળખતાં હતાં અને પછી ઘરનાની સંમતિ મેળવી લગ્નના બંધનમાં બંધાયાં હતાં. અમે વેલેન્ટાઈન્સ ડે નથી ઉજવતા પણ એની પાછળનું કોઈ કારણ નથી. અમારા માટે 9 ફેબ્રુઆરીનું મહત્ત્વ છે કેમ કે એ દિવસે અમે લગ્નના બંધનમાં બંધાઈને ભેગા થયાં હતાં. મેરેજ એનિવર્સરીને દિવસે અમે બહાર ફરવા જઈએ, હોટેલમાં ડિનર કરીએ પણ વેલેન્ટાઈન્સ ડેના દિવસે આવું નથી કરતાં. કોલેજ ટાઈમમાં યંગ જનરેશનના એવા વિચાર હોય કે આ દિવસે પ્રપોઝ કરવું, ચોકલેટ આપવી. લગ્નનાં થોડાં વર્ષોમાં તો જવાબદારીઓ પણ વધી જતી હોય છે ત્યારે આ જ દિવસે ફરવા જવું કે ડિનર કરવા હોટેલમાં જવું એવું જરૂરી નથી હોતું. હું દિવાળી પર ધનતેરસના દિવસે મારી વાઇફને 11 હજાર રોકડા આપું. આ રીતે વાઈફ પ્રત્યેની લાગણીઓને વ્યક્ત કરું અને તેનું સમ્માન કરું. મારી વાઈફ દર વર્ષે એક વાર સુરત બહાર ફરવા જવાનો પ્લાન કરે એ રીતે એ પણ મારા પ્રત્યેના તેના પ્રેમને વ્યક્ત કરે.’’





**વેલેન્ટાઈન્સ ડે સેલિબ્રેટ કરવો કે નહીં કરવો તે તો દરેક વ્યક્તિનું પર્સનલ ડિસિઝન હોય છે. આમ તો આપણા સમાજમાં એવું વધારે જોવા મળે છે કે પ્રેમમાં પડે કે પછી નવા નવા લગ્ન થયા હોય ત્યારે વેલેન્ટાઈન્સ ડે ઉજવવો ગમે પણ લગ્નનાં અમુક વર્ષ પછી મોટાભાગનાં કપલ તે સેલિબ્રેટ નથી કરતાં. બહુ ઓછાં એવાં લોકો હોય છે જે વયસ્ક થઈ ગયા બાદ પણ પોતાના લાઈફ પાર્ટનર પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કરવા વેલેન્ટાઈન્સ ડે ઉત્સાહથી ઉજવતાં હોય છે. તેઓ આ રીતે પોતાની ઝિંદાદિલી પણ દાખવતા હોય છે. વેલેન્ટાઈન વીક શરૂ થઈ ગયું છે અને ઘણા યંગસ્ટર્સની સાથે સાથે જીવનસાથીઓ પણ પાર્ટનર પ્રત્યે પોતાનો પ્રેમ અલગ અંદાજમાં વ્યક્ત કરતાં જોવા મળશે જ.**